PRESS MONITOR

Publication : Nirmal Metro
Edition : Ahmedabad
Date : February 17, 2017

# મૂનબો તેની ટીવી કમર્શિયલ લોન્ચ કરીને પીવાનું સ્વચ્છ પાણી પીવા માટે અનુરોધ કરે છે

નવી દિલ્હી, ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭- અગ્રણી સેનિટરીવેર કંપનીની છત્રછાયા હેઠળની બ્રાન્ડ મૂનબોએ આજે તેનાં વોટર પ્યુરિફાયરો માટે અબ ઈન્ડિયા પાયેગા અચ્છા નામે નવી ટીવીસી કેમ્પેઈન રજૂ કરી છે.

આ ટીવીસીમાં બાળપણની નિર્દોષતા આલેખિત કરવામાં આવી છે, જેમાં અલગ અલગ સામાજિક - આર્થિક પાર્શ્વભૂના બાળકો એકત્ર રમે છે અને પાણીનું આદાનપ્રદાન કરે છે, કારણ કે અચ્છા પાની શેર કરના અચ્છા આદત હૈ. આ નવી ટીવીસીમાં દરેકેદરેક લોકો તેમની જાતિ, ધર્મ કે વર્ણ ગમે તે હોય તો પણ શુદ્ધ પીવાનું પાણી મેળવવાના હકદાર છે એ મૂનબોની આ પહેલ આલેખિત કરે છે.

આ નવીનકારી ઝુંબેશ વિશે બોલતાં એચએસઆઈએલ લિમિટેડના કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિવિઝનના પ્રેસિડેન્ટ શ્રી રાકેશ કૌલે જણાવ્યું હતું કે આજે ભારતમાં સૌથી મોટા પડકારમાંથી એક પીવાના સ્વચ્છ પાણીને પહોંચ છે. આ ટીવીસી સાથે અમે ભારતભરના ગ્રાહકોને પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવા પ્રત્યે બ્રાન્ડસની વચનબદ્ધતાને અનુરૂપ રીતે મઢી લીધી છે. આ ટીવીસી જનરલ એન્ટરટેઈનમેન્ટ ચેનલો, મુખ્ય અંગ્રેજી અને હિંદી ન્યૂઝ અને મુવી ચેનલો પર ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭થી પ્રાઈમટાઈમ ટીવી સ્લોટ્સ પરથી પ્રસારિત કરવામાં આવી રહી છે.

અબ ઈન્ડિયા પાયેગા અચ્છા એ પ્રોડક્ટનો વિચાર બાળકો કોઈ અવરોધો જોતો નથી એ વારતારેખામાંથી જીવનને ડિઝાઈન ડોકિયું કરવામાંથી બહાર આવ્યો છે. બ્રાન્ડ દરેકને ઉત્તમ પીવાનું પાણી ઉપલબ્ધ કરવાની આકાંક્ષા ધરાવે છે તેની સાથે આ ઉત્તમ ઝુંબેશ સાથે છે. આ ટીવીસી તેની વારતારેખા મારફત આ જ સંદેશ ઊજવે અને પ્રદર્શિત કરે છે. આજે દેશના સામાજિક ઢેસામાં વધુ ઊંડાણ પૂરતા એકત્વની ભાવનાઓને જાગૃત કરે છે. આ એક સરળ વારતા છે, જેમાં ઘરના કિચનમાંથી મૂનબો વોટર પ્યુરિફાયરમાંથી બોટલમાં પાણી ભરીને બાળક રમતના મેદાનમાં જાય છે. આ બાળક પોતાની કુશળતા પ્રદર્શિત કર્યા પછી ત્યાં મોજૂદ દર્શકોના રૂપમાં અન્ય બાળકોને જુએ છે અને એકને રમવા માટે બોલાવે છે. ટૂંક સમયમાં જ અન્ય બાળકોને પણ રમવા માટે આમંત્રણ આપવામાં આવે છે. ટીવી કમર્શિયલ પાણીનું આદાનપ્રદાન કરવાના એ સંદેશ સાથે પૂરી થાય છે કે જો તમારી પાસે કશુંક સારું હોય તો તમારે તે અન્યોને પણ આપવું જોઈએ, જે એકત્વનો જોશ કેળવે છે.




હતિક રોશન સાથે ઓપ્પો ફોન્સ, આકાશ ડિજિટલ, નેસલે અને વીજ મંત્રાલય માટે ટીવીસી સહિત આપનાર ડાયરેક્ટર અમન સચદેવ અનુસાર મૂનબો ટીવીસી કરવાની મને બહુ મજા આવી. ફિલ્મો તેમાં સંકળાયેલી ટીમો જેટલી જ સારી હોય છે, કારણ કે ગ્રાહક, એજન્સી અને નિર્માણ ટીમ સામાજિક વર્ગ કે પાર્શ્વભૂની ભિન્નતાની વાત આવે ત્યારે કોઈ પણ પૂર્વગ્રહ વિના બાળકો કઈ રીતે એકત્ર આવે છે તે સંદેશ આપતી ઈમાનદાર ફિલ્મ બનાવવા એક લક્ષ્ય માટે એકત્ર આવે છે. વિશ્વસનીય કાસ્ટિંગ, અનન્ય પરફોર્મન્સ અને ફિલ્મનો ભાવનાત્મક સંદેશ ઈચ્છિત અનુસાર ઉત્તમ સંતુલન જાળવે છે.

ટીવીસી પર બોલતા ટીમ કોન્ટ્રાક્ટ કહે છે, આજે અત્યંત ગીચતાભરી બજારમાં દરેક બ્રાન્ડ ટેકનોલોજીની વાતો કરે છે અને તેમનાં વોટર પ્યુરિફાયરો દરેક અન્ય સાથે સમાન કઈ રીતે છે તે પાછળની વ્યવહારુતા સમજાવે છે. જોકે અબ ઈન્ડિયા પાયેગા અચ્છા સાથે એકત્રિત જોશ વિશે આ વાતો ખરેખર આદર્શ લાગે છે. વ્યાપક થીમ સારું હોય તો આપવું કરવાની છે અને મૂનબો વોટર પ્યુરિફાયર સાથે તમને સામે કોઈ પણ હોય તોય તેની સાથે સારું પાણી આપવું કરવાની ખુશી મળે છે